# આસપાસ ચોપાસ



# વાઘેચા

## ગામમાં 24 જેટલા ખેડૂત અને 279 ખેતમજૂર, ખેતી ઉપરાંત પશુપાલનના વ્યવસાયનો વિકાસ

### વાઘેચા પાસેથી પસાર થતી તાપી નદી ગોઝારી બની

**અત્યાર સુધીમાં 150થી 200 લોકોનાં ડૂબી જવાથી મોત**

વાઘેચાની સીમમાંથી મંદિર પાસેથી પસાર થતી તાપી નદી ગોઝારી નદી સાબિત થઈ છે. અત્યાર સુધીમાં અહીં 150થી 200 લોકોનાં ડૂબી જવાથી મોત થયાં છે. વારે તહેવારે ફરવા આવતા લોકો નદીમાં નાહવા જાય છે અને ડૂબી જતાં હોય છે. નદીની વચ્ચોવચ છીછરા પાણીમાં નાહવા જતાં લોકો અચાનક પગ લપસી જવાથી કે અન્ય કોઈ કારણોસર સીધા ઊંડા ખાડામાં ગરક થઈ જાય છે અને તેનો કોઈ પત્તો લાગતો નથી. સ્થાનિક તરવૈયાઓ જ તેમનો મૃતદેહ બહાર કાઢે છે. આ ખાડો રક્ષક હોય તેમ લોકોને ભરખી જાય છે. અહીં લોકો ડૂબે નહીં એ માટે તંત્ર દ્વારા અગાઉ પ્રયાસો કરવામાં આવ્યા હતા, પણ તે નિષ્ફળ રહ્યા હતા. તંત્રએ ખાડાની આજુબાજુ રેલિંગ લગાવી હતી. પરંતુ ચોમાસામાં પાણી આવવાથી તે તૂટી ગઈ હતી. ગ્રામજનોનું કહેવું છે કે પથ્થરો તોડીને ખાડો પૂરી દેવામાં આવે તો જ અહીં લોકો ડૂબતાં અટકી શકે એમ છે. પરંતુ તંત્ર આ બાબતે ધ્યાન આપતું નથી. બીજી તરફ હાલમાં ઉનાળાની સિઝન હોય અને વેકેશનમાં લોકો ફરવા આવતા હોવાથી પોલીસ દ્વારા હોમગાર્ડ તૈનાત કરવામાં આવ્યા છે. જેઓ લોકોને નાહવા જતા રોકે છે. જેને કારણે ચાલુ વર્ષે ડૂબવાનો બનાવો બન્યો ન હોવાનું લોકો જણાવી રહ્યા છે.

### સુરત તરફ જવા માટે બસ સેવા બંધ થતાં લોકોને મુશ્કેલી

ગામમાં વાહન વ્યવહારની સેવા સારા પ્રમાણમાં ઉપલબ્ધ છે. બારડોલી એસ.ટી. દ્વારા પણ સમયાંતરે આખો દિવસ વાઘેચા સુધીની બસ દોડાવવામાં આવતી હોય છે. જો કે, સુરત તરફથી આવતી ઘણી બસો બંધ કરી દેવામાં આવી છે. કોરોનાકાળ દરમિયાન બંધ કરેલી બસો ફરી ચાલુ નહીં થતાં સુરત કે માંડવી જવા માટે ગ્રામજનોએ કડોદ કે વિહાણ સુધી લંબાવવું પડે છે. પહેલા સીધી જિલ્લા મથક સુરતને જોડતી બસ ફરી કાર્યરત થાય તો ગામના લોકોની સાથે સાથે અહીં મંદિરે દર્શન કરવા આવતા લોકોને પણ લાભ થશે એવું ગ્રામજનોનું કહેવું છે.

### સરેરાશ લિંગ ગુણોત્તર રાજ્ય કરતાં વધુ, જો કે બાળ જાતિ ગુણોત્તર ઓછો

વાઘેચા કડોદ ગામમાં 0-6 વર્ષની વયનાં બાળકોની વસતી 91 છે. જે ગામની કુલ વસતીના 10.14% છે. બીજી તરફ ગામમાં પુરુષોની સરખામણીએ સ્ત્રીઓની સંખ્યા પણ વધુ છે. 403 પુરુષની સામે 494 સ્ત્રી છે. આમ વાઘેચા કડોદ ગામનો સરેરાશ લિંગ ગુણોત્તર 1226 છે. જે ગુજરાત રાજ્યની સરેરાશ 919 કરતાં વધુ છે. વસતી ગણતરી મુજબ વાઘેચા કડોદ માટે બાળ જાતિ ગુણોત્તર 820 છે, જે ગુજરાતની સરેરાશ 890 કરતાં ઓછો છે.









### રોજનું સરેરાશ 1200 લીટર દૂધ સુમુલમાં મોકલવામાં આવે છે

સુરત અને તાપી જિલ્લાનાં અન્ય ગામોની જેમ અહીં પણ પશુપાલનનો વ્યવસાય વિકસ્યો હોવાથી સહકારી ધોરણે દૂધમંડળી પણ કાર્યરત છે. ધી વાઘેચા (કડોદ) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.ના નામથી કાર્યરત મંડળીમાં પશુપાલકો તેમના પશુઓનું દૂધ પહોંચાડે છે. જે સુરતની સુમુલ ડેરીમાં જાય છે. પશુપાલકોને દૂધના પોષણક્ષમ ભાવ મળી રહે તેનું ધ્યાન રાખવામાં આવે છે. આ મંડળીને ISO 9001 2015 પ્રમાણપત્ર પણ મળ્યું છે. અહીં દૂધની ગુણવત્તા જળવાય રહે એ માટે ચીલિંગ સેન્ટર પણ કાર્યરત છે. હાલ દૂધમંડળીના પ્રમુખ તરીકે દીપકભાઈ સુખાભાઈ રાઠોડ અને મંત્રી તરીકે મોહનભાઈ ઝીણાભાઈ રાઠોડ સેવા આપી રહ્યા છે. સવાર અને સાંજ મળી બે સમયે સરેરાશ 1200 લીટર દૂધ ભરવામાં આવે છે.



**લોકવાયકા મુજબ તાપી નદીમાં વાઘેચા સ્નાનઘાટ પાસે ભીમ સ્નાન અર્થે આવ્યા હતા**

### 800 વર્ષ જેટલું પ્રાચીન વાઘેશ્વર મહાદેવ મંદિર ભક્તોમાં આસ્થાનું કેન્દ્ર

ગામમાં તાપી નદી કિનારે આવેલું વાઘેશ્વર મહાદેવ મંદિર અતિ પવિત્ર ધામ છે. આ મંદિર 800 વર્ષ જેટલું પ્રાચીન હોવાનું સ્થાનિક વહીવટકર્તાઓએ જણાવ્યું હતું. વર્ષોથી લોકો અહીં વાઘેશ્વર મહાદેવની આરાધના કરતા આવ્યા છે. આ મંદિર પૌરાણિક હોવાથી દૂર દૂરથી શ્રદ્ધાળુઓ અહીં આવતા હોય છે. લોકવાયકા મુજબ તાપી નદીમાં વાઘેચા સ્નાનઘાટ પાસે ભીમ સ્નાન અર્થે આવ્યા ત્યારે નદીમાં પ્રમાણમાં પાણી ઓછું હતું. આથી ભીમ નદીમાં આડા સૂઈ ગયા અને તેથી ખૂબ જ થોડા સમયમાં પાણીનો વિશાળ જથ્થો એકત્રિત થઈ જતાં કિનારે આવેલા વાઘેશ્વર મહાદેવ મંદિરમાં પાણી દાખલ થયું હતું. આ સંજોગોમાં શંકર અને પાર્વતીજીએ વિચાર કર્યો કે, મંદિરમાંનું પાણી કેવી રીતે દૂર કરવું? નદીમાં આડા સૂતેલા ભીમને ઉઠાડવો શી રીતે? મહાદેવજીએ તરત જ વિચાર્યું કે. 'તે પોતે વાઘનું સ્વરૂપ ધારણ કરે અને પાર્વતીજી ગાયનો દેહ ધારણ કરે' આ પ્રમાણે તેમ કરતાં પાર્વતીજી ગાયનું સ્વરૂપ ધારણ કરી દોડવા લાગ્યા અને તેની પાછળ તરત જ શંકર ભગવાને વાઘનું સ્વરૂપ કરી ગાય પાછળ દોટ મૂકવી શરૂ કરી. ભીમે આ દૃશ્ય જોયું. આથી ભીમે વાઘના પંજામાંથી ગાયને છોડાવવા વાઘ પાછળ દોડવા માંડ્યું. ભીમ અને વાઘના સંઘર્ષમાં વાઘે ભીમનું ડાબું અંગ ચીરી નાંખ્યું. ઘાયલ થયેલા ભીમને તરત જ શંકર ભગવાને દર્શન આપી આશીર્વાદ આપ્યાં કે 'તારું ડાબું અંગ વ્રજસમું થાવ'. શ્રદ્ધાળુઓની માન્યતા પ્રમાણે શ્રી વાઘેશ્વર મહાદેવના મંદિરની સામે તાપી નદીના પાણીના પ્રથમ પ્રવાહ-પાછળ દેખાતી વિશાળ શિલાઓ પર ગાયનાં પગલાં અને વાઘના પંજા અંકિત થયેલા જોવા મળે છે. જ્યાં જવા માટે ફૂટ ઓવરબ્રિજ પણ બનાવવામાં આવ્યો છે. ભારત અને અન્ય પ્રદેશોની જેમ ગુજરાત પાસે પણ શિલ્પ સ્થાપત્ય અને પરંપરાગત સ્થાપત્યનો સમૃદ્ધ વારસો પડેલો છે. વાઘેશ્વર મહાદેવ મંદિર અને તેની આસપાસના પ્રદેશોનો ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ ખાતા તરફથી સર્વેક્ષણ અભ્યાસ કરાવવાના પ્રયાસો ચાલુ છે.







### મંદિરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની જરૂર

બારડોલી તાલુકાના વાઘેચા ખાતે આવેલું વાઘેશ્વર મહાદેવ મંદિર અતિ પ્રાચીન અને પવિત્ર ધામ છે. અહીં વર્ષે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા હોય છે. જો કે, આ મંદિરને પવિત્ર યાત્રાધામ હેઠળ પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે મંદિરના સંચાલકો દ્વારા સરકારમાં અનેક વખત રજૂઆત કરવામાં આવી છે. પરંતુ હજી સુધી તેની કોઈ ગ્રાન્ટ મંદિરને મળી શકી નથી. જો આ સ્થળ પ્રવાસન તરીકે વિકસાવવામાં આવે તો મંદિરનો વિકાસ થવાની સાથે લોકોને પણ સારી સુવિધા પૂરી પાડવામાં મદદ મળી શકે એમ છે. પૌરાણિક મંદિર હોવાથી આ યોજનાનો લાભ મળે તેવી ભક્તગણ લાગણી વ્યક્ત કરી રહ્યા છે. ત્યારે સ્થાનિક નેતાઓ પણ આ મુદ્દે વિશેષ ધ્યાન આપી દક્ષિણ ગુજરાતના અતિ પવિત્ર સ્થાનના વિકાસમાં સહભાગી બને તેવી માંગ ઊઠી રહી છે.



### બારડોલી સત્યાગ્રહની રણનીતિ માટે વાઘેચા મંદિરે બેઠક મળતી હતી

વાઘેચા ગામ ધાર્મિકની સાથે સાથે ઐતિહાસિક રીતે પણ મહત્ત્વનું છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર ગામનું વાઘેચા મંદિર આઝાદીની લડાઈનું પણ સાક્ષી રહ્યું છે. આ ઐતિહાસિક મંદિર ખાતે બારડોલી સત્યાગ્રહ કે આઝાદીની લડાઈ માટે આગેવાનો ભેગા થઈને રણનીતિ ઘડતા હતા. અનેક વખત તાપી કિનારે આવેલા આ મંદિરમાં બેઠક કરી અંગ્રેજો સામે લડતનાં મંડાણ કર્યાં હતાં. બારડોલી સત્યાગ્રહ સમયે લોકોને જાગૃત કરવા માટે અહીંથી પત્રિકાનું છાપકામ થયું હતું. અહીંથી તેની પ્રસિદ્ધિ થતી હતી અને સત્યાગ્રહીઓનું આ આશ્રયસ્થાન બન્યું હતું.

### મંદિરમાં 365 દિવસ ચાલે છે ભંડારો

મંદિરમાં 365 દિવસ ભંડારો ચાલે છે. દિવસ અને રાત બંને સમયે અહીં આવતા શ્રદ્ધાળુઓ માટે વિનામૂલ્યે ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. એટલું જ નહીં દર પૂનમના દિવસે 3000 માણસોનો ભંડારો થાય છે. જ્યારે શ્રાવણ માસમાં 1000થી 1200 માણસો અહીં મહાપ્રસાદીનો લાભ લે છે. નવરાત્રિ દરમિયાન અહીં ગરબાનું આયોજન કરવામાં આવે છે. અહીં ચૈત્ર પૂનમના દિવસે મોટો મેળો ભરાય છે, જેમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઊમટી પડે છે.



### મંદિરમાં ભક્તો માટે ભોજન અને રહેવાની સુવિધા પણ ઉપલબ્ધ

આ મંદિરનું સંચાલન વાઘેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. આશરે 130 વર્ષ પહેલાં કુંવરજી વસનજી પટેલે લોકોના સહયોગથી આ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો હતો. ત્યારબાદ પ્રસંગોપાત મંદિર અને ધર્મશાળાના મકાનનો જીર્ણોદ્ધાર થતો રહ્યો છે. આ મંદિર પરિસરમાં શિવ મંદિર ઉપરાંત રામ-લક્ષ્મણ-સીતાજીનું તેમજ હનુમાનજીનું મંદિર પણ આવેલું છે. યાત્રાળુઓના નિવાસ માટે ઓરડા અને જાહેર સેનિટેશન ઉપરાંત ભોજનાલયની વ્યવસ્થા કરવામાં આવે છે. ટ્રસ્ટના પ્રમુખ તરીકે મોટી ફળોદ ગામના અનિલભાઈ ઉર્ફે કેતનભાઈ ભીખુભાઈ પટેલ, મંત્રી તરીકે કિરીટભાઈ પટેલ તેમજ મેનેજર તરીકે રણજીતભાઈ બી. રાઠોડ સેવા આપી રહ્યા છે. અહીં આવેલા હનુમાન મંદિરમાં દર શનિવારે મોટી ફળોદના શિવ યુવકમંડળના યુવાનો ભજન ગાવા માટે જાય છે.